| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૫/૦૬/૨૦૨૦ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૯૬૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૫૬ | ૧૩ | ૮૫૬૯ | ૧૪૬૬૫ | ૧૪ | ૧૪૬૭૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૯ | ૨ | ૪૨૩૧ | ૫૭૪૧ | ૨ | ૫૭૪૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૨ | ૩૧ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૭૦૩ | ૫૯ | ૭૭૬૨ | ૮૬૯૯ | ૭૩ | ૮૭૭૨ |
| કુલ | | ૨૦૫૧૭ | ૭૬ | ૨૦૫૯૩ | ૨૯૩૦૪ | ૮૯ | ૨૯૩૯૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૯૩ | ૬૮,૨૦૦/- |

# ઘરફોડ ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગોમતીપુર પોલીસ સ્ટેશન :-

## ઘરફોડ ચોરીનો મિલકત સબંધી આરોપી પકડવા બાબત ગોમતીપુર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મળતી સુચનાઓ જેમાં મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ મળેલ સુચના આધારે..

ગોમતીપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૮૨૦૦૫૬૬ /૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૪૫૭,૩૮૦ મુજબના કામના ફરિયાદી શ્રી જશીબેન વા/ઓ કાન્તીલાલ છનાલાલ શાહ ઉ.વ ૫૨ રહે મ.નં બી/૨/૩૦૪ ત્રીજો માળ સત્યમ ફ્લેટ વિક્રમ મિલની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાઓની ફરિયાદના કામે તા ૨૦/૦૫/૨૦૨૦ ના કલાક ૨૩/૦૦ થી તા ૨૧/૦૫/૨૦૨૦ ના કલાક ૦૪/૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ફરીશ્રીના મકાનનાં પાછળના દરવાજાથી ઘરની અંદર ગે.કા પ્રવેશ કરી તિજોરીનુ તાળુ ખોલી તિજોરીમાં રાખેલ અલગ અલગ સોના ચાંદીના દાગીના કી.રૂ ૯૪૦૦૦/- તથા રોકડા રૂપિયા ૨૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ ૦૧ કી.રૂ ૫૦૦/- મળી કુલ્લે રૂ ૯૬૫૦૦/- ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ હોય સદર ગુનાની તપાસના કામમા સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઈ એસ.આઈ.રઈશ નાઓ તાબાના સ્ટાફના માણસો સાથે તારીખ ૧૨/૦૬/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો અનીલભાઈ પુનમભાઈ તથા પો.કો જયેશભાઈ ગોવાભાઈ તથા પો.કો દિનેશભાઈ ગેમરભાઈ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ગોમતીપુર રામીની ચાલી સામે આવેલ ઔડાના મકાન આગળથી આ ગુનામાં સંડોવાયેલ આરોપી મહેન્દ્રભાઈ ઉર્ફે મયુર સ/ઓ તુલસીભાઈ સોમાભાઈ ચૌહાણ ઉ.વ ૨૩ રહે મ.નં બી/૧૩૦૫ સત્યમ ફ્લેટ સ્વસ્તિક બંગ્લોઝ ત્રણ રસ્તા પાસે વિક્રમમિલની સામે ગોમતીપુર અમદાવાદ શહેર નાઓ પાસેથી સદર ગુનામા ચોરીએ ગયેલ અલગ અલગ સોના ચાંદીના દાગીના કી.રૂ ૭૫૦૦૦/- તથા એક મોબાઈલ ફોન કી.રૂ ૫૦૦/- મળી કુલ્લે કી.રૂ ૭૫૫૦૦/- નો મુદામાલ તપાસ અર્થે કબજે કરી મુદામાલ તથા આરોપી હસ્તગત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે. અને મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે તા ૧૪/૦૬/૨૦૨૦

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :-

## સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી હારજીતનો  તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ છ ઇસમોને કુલ્લે રૂપિયા ૧,૬૩,૪૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ  નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ રાખેલ ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા સાહેબની સુચના મુજબ પો.સ.ઇ.શ્રી એ.જે.દેસાઇ તથા  સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ  સ્કોડના લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૦૭૦ તથા લોકરક્ષક ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં.૧૦૭૦ નાઓને ખાનગીરાહે સંયુક્ત બાતમી હકીકત મળેલ કે ન્યુ રેલ્વે કોલોની સમુદાય ભવન પાસે ફુટ્બોલ ગ્રાઉંન્ડની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ગોળકુંડાળુવળી મોબાઇલ ફોનની લાઇટના અજવાળે પૈસા પાનાથી હારજીતનો તીનપત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે. જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા જુગાર રમતા કુલ-૦૬ (છ) ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગજડતીના નાણા રૂપિયા ૮,૩૫૦/- તથા દાવના નાણા રૂપિયા ૨,૧૦૦/- તેમજ ગંજીપાના નંગ-૫૨ કિંમત્ત રૂપિયા ૦૦/૦૦ તેમજ મોબાઇલ ફોન નંગ-૦૭ કિમત્ત રૂપિયા ૪૩,૦૦૦/- તેમજ  વાહનો નંગ- ૦૬ કિમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૧,૬૩,૪૫૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પકડાયેલ તમામ ઇસમો વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગાણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ ઇન્વે. મ.સ.ઇ. મોહબતસિંહ પૃથ્વીસિંહ નાઓએ સંભાળે છે તા.૧૪/૦૬/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૩,૬૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૬૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૬૬/૨૦૨૦**

**નિકોલઃ** નીશાબહેન ડો/ઓ ધનશ્યામભાઇ પટણી (ઉ.વ.૧૬) (રહે.ગૌતમ શેઠની ચાલી વિમલનગર ખોડીયારનગર નિકોલ) તા.૦૮/૦૬/૨૦૨૦ રાતના સમયે રસોડામાં પાણી પીવા જતા પાણીની બોટલ પાસે પડેલ એસિડની બોટલમાંથી ભૂલથી એકાદ ઘુંટ જેટલુ એસીડ પી જતા સારવાર માટે જી.સી.એસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૬/૨૦૨૦ રાતના ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી